ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# આજથી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

**જિલ્લાના ૫૪૩૫૮ વિદ્યાર્થીઓની કસોટી : ધો - ૧૦ માં ૩૩૦૦૮, ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૬૫૮૦ અને સામાન્ય પ્રવાહમાં ૧૪૯૭૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે : પરીક્ષાને અનુલક્ષી ૧૬૪ સ્થળો પર ૧૯૩૩ બ્લોકમાં બેઠક વ્યવસ્થા : પરીક્ષા સ્થળો પર પુરતો પોલીસ બન્દોબસ્ત**

ગાંધીનગર તા ૬
આજથી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે . જિલ્લામાંથી ૫૪૩૫૮ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે. જયારે બોર્ડની પરીક્ષાને અનુલક્ષી કુલ ૧૬૪ બ્લોકમાં ૧૯૩૩ જેટલા બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ તમામ બ્લોકમાં સી સી ટી વી કેમેરાની વોચ પણ રાખવામાં આવી છે. આ ઉપરાંત પરીક્ષાના પ્રશ્નપત્રો તેમજ ઉત્તરવહી રાખવામાં આવે છે તેવી ઝોનલ કચેરીને પણ કેમેરાની વોચ હેઠળ આવરી લેવામાં આવી છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય અને શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષાની કાર્યવાહી પુર્ણ થાય તે માટે પુરતો પોલીસ બન્દોબસ્ત પણ ગોઠવાયો છે. ધો -૧૦ માં સવારે ૧૦ કલાકે ગુજરાતી , ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બપોરે ૩ કલાકે ભૌતિક વિજ્ઞાન તેમજ સામાન્ય પ્રવાહમાં સહકાર પંચાયત વિષયની પરીક્ષા લેવાશે.





આજથી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે. જિલ્લામાં ધો -૧૦ ના ૩૩૦૦૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ માટે ૯૦ જેટલા પરીક્ષા સ્થળો પર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં ૧૧૧૫ બ્લોકનો સમાવેશ થાય છે. જયારે ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં જિલ્લામાંથી ૧૪૯૭૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ માટે જિલ્લામાં ૪૬ પરીક્ષા સ્થળો પર કુલ ૪૯૯ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે વિજ્ઞાન પ્રવાહને અનુલક્ષી કુલ ૨૮ પરીક્ષા સ્થળો પર પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. જેમાં ૩૧૯ બ્લોકમાં ૬૫૮૦ વિદ્યાર્થીઓ માટે બેઠક વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લામાંથી કુલ ૫૪૩૫૮ વિદ્યાર્થીઓ બોર્ડની

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે. જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ વિદ્યાર્થીઓ કે વાલીઓને મુંઝવણ ન થાય તે માટે ખાસ કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. આ કંટ્રોલ રૂમ સવારે ૭ થી રાત્રિના ૮ કલાક સુધી કાર્યરત રહેશે. કન્ટ્રોલ રૂમનો નંબર ૨૩૨૫૯૦૦૬ છે. જયારે વહીવટી અધિકારી ડો નેન્સી ગુપ્તે નો મોબાઈલ નં - ૯૮૨૫૦૪૧૨૭૦, ભવાનભાઈ પટેલ ૯૭૨૫૦૨૨૫૮૪ નો પણ સંપર્ક કરવા જણાંવાયુ છે. આ ઉપરાંત બોર્ડ કક્ષાએથી પણ ટોલ ફ્રી નંબર જાહેર કરાયા છે. જેમાં હેલ્પલાઈન નં -૧૮૦૦૨૩૩૫૫૦૦ પર સવારે ૧૦ થી સાંજે ૬ : ૩૦ કલાક સુધી સંપર્ક કરી શકાશે.

## સે-૨૩ ગુરુકુલ શાળામાં શિક્ષણમંત્રી વિદ્યાર્થીઓને પુષ્પ આપી શુભેચ્છા પાઠવશે

આજથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે.ત્યારે પરીક્ષા શાંતિપુર્ણ અને ભયમુકત વાતાવરણમાં યોજાય તેવી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પણ શિક્ષણ તંત્ર દ્વારા પુરતી તકેદારી રાખવામાં આવી છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકીર્દી માટે અત્યંત મહત્વની ગણાતી બોર્ડ પરીક્ષાના પ્રારંભે દર વર્ષની જેમ આ વર્ષે શિક્ષણમંત્રી પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવશે. સે-૨૩ ગુરુકુલ સ્કુલમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા વિદ્યાર્થીઓને પરીક્ષાર્થીઓને આવકારી તેમનો આત્મવિશ્વાસ વધારશે. જિલ્લા શિક્ષણાધિકારી ભરત વઢેરે જણાંવ્યુ હતુ કે ગાંધીનગરમાં મંત્રીઓ દ્વારા પણ પરીક્ષાર્થીઓનુ પુષ્પો સાથે સ્વાગત કરી પરીક્ષાર્થીઓને શુભેચ્છા આપી તેમનો આત્મવિશ્વાસ બળવત્તર કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. સે-૨૩ સ્થિત ગુરુકુલ સ્કુલમાં સવારે ૯ કલાકે શિક્ષણમંત્રી પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવવા ઉપસ્થિત રહેશે.

## ગેરરીતી અટકાવવા માટે વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓ સતત વોચ રાખશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનો તા ૭ માર્ચથી પ્રારંભ થવાનો છે. ત્યારે જિલ્લા શિક્ષણતંત્રએ પણ પરીક્ષાને અનુલક્ષી જરૂરી તમામ તૈયારીઓ કરી દીધી છે. જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પુરતી તકેદારી રાખવામાં આવશે તેમ પણ શિક્ષણતંત્ર દ્વારા જણાંવાયુ છે. બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે તમામ પરીક્ષા સ્થળો પર સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવી દેવામાં આવી છે. આ ઉપરાંત તમામ પરીક્ષા કેન્દ્રો પર વર્ગ -૧ અને ૨ ના અધિકારીઓની ઓબર્ઝવર તરીકે નિમણુક કરવામાં આવી છે. આ અધિકારીઓ સતત પરીક્ષા સ્થળો પર નજર રાખશે.

# જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ બે કેસ

ગાંધીનગર, તા. ૬
ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફલુના વધુ બે કેસ નોંધાયા છે. આ નવા બે કેસ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૨૯૫૨ પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના ધાનજ ગામના એક ૬૦ વર્ષીય વૃદ્ધને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત દહેગામ તાલુકાના સાંપાની એક મહિલાને પણ આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં તેણીનીને પણ સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં નોંધાયેલ ૨૯ દર્દીઓ પૈકી ૨૭ દર્દીઓ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ જિલ્લાના માત્ર બે જ દર્દી સારવાર માટે હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ છે. જિલ્લામાં સ્વાઈન ફલુના વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. જોકે હાલ બેવડી ઋતુનું વાતાવરણ પ્રવર્તતુ હોઈ ચિંતા થોડીક વધુ છે.

જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પણ કરાવવાની કામગીરી ચાલી રહી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જિલ્લાતંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર સાબરકાંઠા અને અમદાવાદ એ બન્ને ગાંધીનગરની નજીકના જિલ્લાઓ છે અને ત્યાં કેસોની સંખ્યા વિશેષ છે. અમદાવાદ સાથે નગરનો નાતો પણ વિશેષ હોવાથી તંત્રમાં ચિંતાનો વિષય બન્યો છે.

જિલ્લામાં સ્વાઈન ફલુના મહિલા દર્દીઓની સંખ્યા પણ આ વખતે નોંધનીય રહી છે. જોકે ૫૦થી વધુ આયુ ધરાવતા દર્દીઓ પણ વધારે જણાયા છે.

જિલ્લામાં સ્વાઈન ફલુથી હજુ સુધી એક પણ મોત નોંધાયુ નહિ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## રવિવારે પલ્સ પોલિયો અભિયાન માટે ૮૨૬ બુથ ગ્રામ્ય વિસ્તારમાં

ગાંધીનગર, તા. ૬
આગામી ૧૦મી માર્ચના રોજ ગાંધીનગર જિલ્લામાં યોજાનાર પલ્સ પોલિયો અભિયાનને લઈ તંત્ર દ્વારા તે અંગેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. જિલ્લામાં એક લાખ ૭૨ હજાર જેટલા બાળકોને આ પલ્સ પોલિયો અભિયાનમાં આવરી લેવામાં આવશે.

**એક લાખ બોત્તેર હજાર બાળકોને આવરી લેવાનું આયોજન તૈયાર કરાયુ**

હાલ તંત્ર દ્વારા કરાયેલ તૈયારીઓમાં આ અભિયાનને લઈ જિલ્લામાં ૮૨૬ જેટલા બુથ ઉભા કરવામાં આવશે. તમામ લક્ષિત બાળકોને આવરી લેવા માટે ૧૨૦ મોબાઈલ ટીમ અને ૧૬ જેટલી ટ્રાન્ઝીટ ટીમો પણ બનાવવામાં આવી છે.

તંત્ર દ્વારા આ અભિયાનને સફળ બનાવવા માટે ૪ ખાસ નોડલ ઓફિસરો તાલુકાવાર મુકવામાં આવનાર છે. આ માટેનો રસીનો જથ્થો પણ જિલ્લામાં આવી ગયો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

તાજેતરમાં આરોગ્ય કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં મળેલ એક ઉચ્ચસ્તરીય બેઠકમાં રસીકરણ અભિયાન તેમજ પલ્સ પોલિયો અભિયાનને લઈ સઘન વિચારણા કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં એક પણ બાળક અભિયાનમાં છુટી ના જાય તે માટે ૧૮૯ જેટલા સુપરવાઈઝરો પણ નિમવામાં આવનાર છે. ૧૦મી માર્ચે સઘન અભિયાન તેમજ આ પછી ૧૨મી માર્ચ સુધી રહી ગયેલા બાળકોને આવરી લેવા માટે તંત્રની ટીમો ઘરે ઘરે જશે.

## કોંગ્રેસ કારોબારી બેઠક અંગે જોરદાર તૈયારીઓ આરંભાઈ

**રાહુલ, પ્રિયંકા ગાંધી, સોનિયા ગાંધી તેમજ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ જાહેર સભાને સંબોધશે**

અમદાવાદ, તા.૬
પુલવામામાં આત્મઘાતી આંતકવાદી હુમલામાં ૪૦થી વધુ સીઆરપીએફના જવાનોના મોત બાદ દેશભરમાં ખાસ કરીને સરહદ પર બનેલી તંગદિલીભરી સ્થિતિના મુદ્દે મોકૂફ રખાયેલી કોંગ્રેસની રાષ્ટ્રીય કાર્યકારિણી મહત્વની બેઠક તેમજ જનસંકલ્પ રેલી હવે તા.૧૨મી માર્ચના દાંડી કૂચના ઐતિહાસિક દિવસે યોજાશે. આ દિવસે અડાલજ ત્રિમંદિર ખાતે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી, મહામંત્રી પ્રિયંકા ગાંધી, પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધી તેમજ પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહન સિંહ જાહેર સભાને સંબોધશે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખે વિધિવત્ ટ્વિટ કરીને તા.૧૨મી માર્ચના દાંડી કૂચના દિવસે સીડબ્લ્યુસી તેમજ જનસંકલ્પ રેલીના કાર્યક્રમની જાહેરાત કરી હતી. જેને લઈ કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓમાં ભારે ઉત્સાહનો માહોલ છવાયો છે.

લોકસભાની ચૂંટણી પહેલા મળી રહેલી કોંગ્રેસની બહુ મહત્વની એવી આ રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠક શાહીબાગ સ્થિત સરદાર સ્મારક ખાતે જ યોજવામાં આવશે, જેમાં કોંગ્રેસના ટોચના દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓ પી. ચિદમ્બરમ, મલ્લિકાર્જુન ખડગે, ગુલામનબી આઝાદ સહિત ૫૦થી વધુ રાષ્ટ્રીય નેતાઓ હાજરી આપશે. કોંગ્રેસે જનસભા અડાલજ ખાતે જ યોજવાનું મન બનાવ્યું છે. ગુજરાતમાં છેલ્લે ૧૯૬૧માં ભાવનગર ખાતે કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક મળી હતી.

## ગાર્બેજ ફ્રી સીટી ગાંધીનગરનો સ્વચ્છતામાં દેશમાં ૨૨મો ક્રમ



ગાંધીનગર, તા. ૬
સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૯માં ગાંધીનગર શહેર દેશમાં ૨૨મા ક્રમે તથા ગાર્બેજ ફ્રી સીટીના એવોર્ડથી આજે સન્માનિત કરવામાં આવેલ છે.

નવી દિલ્હી ખાતે આજે યોજાયેલ એક સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં ગાંધીનગરને ગાર્બેજ ફ્રી સીટીનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૯ ગાંધીનગરને સારા ગુણાંક પ્રાપ્ત થયા છે. આ સર્વેક્ષણનું મૂલ્યાંકન ચાર ભાગમાં કરવામાં આવ્યુ હતુ. જેમાં સીધુ મૂલ્યાંકન ટીમ દ્વારા નાગરિકોના અભિપ્રાય, સર્વિસ લેવલમાં થયેલ પ્રગતિ, સ્વચ્છતા માટે અન્ય કોઈ પ્રમાણપત્ર મળ્યા હોય તો તેનું મૂલ્યાંકન આમ કુલ ૫૦૦૦ ગુણમાંથી આ અંગે માર્કિંગ કરવામાં આવ્યુ હતુ.

ગાંધીનગર મહાનગરપાલિકાને આ સર્વેક્ષણ ૩૭૫૬.૭૧ ગુણાંક પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત મનપાને ઓડીએફ++ ના મળેલા રેટીંગ તેમજ જીએફસી રેટીંગમાં પણ મળેલા થ્રી સ્ટારને કારણે ગાંધીનગર મનપાએ આ સિદ્ધિ નોંધાવી છે.

આજે જાહેર થયેલ આ સર્વેક્ષણમાં બીજી મહત્વની ઘટના એ બની છે કે ગાંધીનગર મનપાએ રાજયમાં સ્વચ્છ શહેરોની યાદીમાં ૪થુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. રાજ્યની સરેરાશ એવરેજ કરતાં પણ મનપાને વધુ ગુણાંક પ્રાપ્ત થયાં છે. રાજ્યની સરેરાશ ૨૩૦૬.૭૧ ગુણાંક પ્રાપ્ત થયા છે.

સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૮માં ગાંધીનગર મનપાનો ક્રમ ૨૬મો હતો જ્યારે ૨૦૧૭માં ૨૦મા ક્રમે હતુ. ૨૦૧૯માં આપણે ૨૨માં ક્રમે આવ્યા છે. આમ ૨૦૧૮ની તુલનામાં આપણી સ્થિતિમાં ૪ ક્રમાંક સુધર્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાને ગાર્બેજ ફ્રી એવોર્ડ ભારત સરકારના સચિવ આવાસન અને શહેરી કાર્ય મંત્રાલયના દુર્ગા શંકર મિશ્રના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

સ્વચ્છતા સર્વેક્ષણ અંગે તંત્ર દ્વારા આ વર્ષે તડામાર તૈયારીઓ કરાઈ હતી અને તેનુ સારૂ પરિણામ મળતાં જ આજે તંત્રમાં પણ ખુશીનો માહોલ જોવા મળતો હતો.

સ્વચ્છતા સર્વેક્ષણમાં ગાંધીનગર મનપાને મૂલ્યાંકનમાં થોડોક માર પડી રહ્યો છે તેમાં મનપાની પોતાની લેન્ડફિલ્ડ સાઈટ નથી તેનો છે. જોકે ઓડીએફમાં ટુ સ્ટારનું મળેલ ગ્રેડીંગ અને જીએફસીમાં થ્રી સ્ટારનું ગ્રેડીંગે આ વખતે દેશના પ્રથમ પચ્ચીસ સ્વચ્છ શહેરોમાં સ્થાન અપાવ્યુ છે.

## એસ.ટી. કર્મચારીઓ અને શિક્ષકોના આંદોલનનું સુખદ સમાધાન : નિતીનભાઈ

**એસ.ટી. કર્મચારીઓને ૭મા પગાર ધોરણનો સ્કેલ ૧-૪-૨૦૧૮થી અપાશે અને શિક્ષકોની નોકરીનો સમયગાળો સળંગ ગણવાનો સૈદ્ધાંતિક સ્વીકાર કરાયો જેના લાભો ૧-૪-૨૦૧૯થી મળશે**

ગાંધીનગર, તા. ૬
રાજય સરકારના કર્મચારીઓના પ્રશ્નો માટે રાજય સરકાર અત્યંત સંવેદનશીલ છે અને તેઓના પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટે યોગ્ય હકારાત્મક પગલાં લઈ રહી છે. રાજ્યમાં ચાલી રહેલ એસ.ટી. કર્મચારીઓ અને શિક્ષક કર્મચારીઓના આંદોલનનું આજે સુ:ખદ સમાધાન થયું છે. બંને વિભાગના યુનિયનો સાથે સોહાર્દપૂર્ણ વાતાવરણમાં થયેલ હકારાત્મક ચર્ચાના પરિણામે આજે આ સુ:ખદ સમાધાન થયું છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યના ૧.૨૫ લાખથી વધુ શિક્ષકો અને એસ.ટી. નિગમના ૪૫૦૦૦થી વધુ કર્મચારીઓ દ્વારા તેઓના પ્રશ્નો અંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્ય સરકારને રજૂઆતો કરાઈ હતી. તે સંદર્ભે મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વાહન વ્યવહાર મંત્રી શ્રી આર. સી. ફળદુ અને નાણા મંત્રી તરીકે મારા અધ્યક્ષસ્થાને મંત્રીમંડળની કમિટીની રચના કરી આ યુનિયનો સાથે ચર્ચા વિચારણા કરવા જણાવ્યું હતું. તે સંદર્ભે અમે તબક્કાવાર બેઠકો કરી હતી. આજે મંત્રીમંડળની બેઠક બાદ મુખ્યમંત્રીશ્રીએ એસ.ટી. અને શિક્ષકોના પ્રશ્નોનું સુ:ખદ સમાધાન કરવા સૂચનાઓ આપી હતી. આજે અમે તેમના યુનિયનો સાથે ઘનિષ્ઠ ચર્ચા વિચારણા કરી છે. રાજ્ય સરકારે તેમના પ્રશ્નો અંગે જે નિરાકરણ કર્યું છે તેનું યુનિયનોએ સહર્ષ સ્વીકાર કરીને રાજ્ય સરકારનો આભાર માન્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે, એસ.ટી.ના કર્મચારીઓ મામલે મહત્વના નિર્ણય કર્યા છે જેનો લાભ ૪૫ હજારથી વધુ કર્મચારીઓને મળશે. સાતમા પગાર પંચની અમલવારી માર્ચ-૨૦૧૯ પેઈન એપ્રિલ ૨૦૧૯ના પગારમાં કરવામાં આવશે.

આ ઉપરાંત રાજ્યના પ્રાથમિક શિક્ષકો સંદર્ભે પ્રાથમિક શિક્ષકોની ફીક્સ પગારની નોકરીનો સમયગાળો સળંગ ગણવાની બાબતનો રાજ્ય સરકારે સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે. ફીક્સ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ અને નિવૃત્તિ વિષયક લાધો માચે પણ નોકરી સળંગ ગણવામાં આવશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com